R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?વા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-23 • ISSUE: 11 DATE: 15-03-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## સીરીયામાં ઇસ્લામીક કટ્ટરવાદીઓને ટ્રીબુટ ટેક્ષ ચુકવો અને જીવતા રહો



તમારી જીંદગી બચાવો કે તમારો ધર્મ બચાવવો,સીરીયામાં નોર્ધન રેક્કા સીટીમાં વસતા ખ્રિસ્તી ગ્રુપે જણાવ્યું હતું કે તેમને ઈસ્લામીક કટ્રવાદીઓ દ્વારા એવું કહેવાયુ છે કે તમારે ટ્રીબુટ ટેક્ષ ભરવો પડશે. તો તમારી જીંદગી અને તમારા ધર્મને તમે બચાવી શકશો.ઉપરોક્ત ફોટામાં સીરીયન ખ્રસ્તી જેઓ ટર્કીમાં અને સીરીયામાં રહે છે તેઓ મોર્ટ સમુઇ સીરીયાક ઓર્થોડોક્સ ચર્ચ, મીડયાત ટાઉન, મેરડીન પ્રોવીન્સ ખાતે આવેલ છે. ત્યાં ચર્ચ મીટીંગમાં ૨, ફેબ્રુઆરી,૨૦૧૪ના રોજ ભાગ લીધો હતો તે દેખાઈ રહ્યા છે.

આ વર્ષની શરુઆતમાં રેક્કાસ ખ્રિસ્તી નેતાઓ અને તેમના પ્રતિનિધિઓ જેઓ ઈસ્લામીક રાજ્ય ઈરાક અને લીવેન્ટમાં છે,તેમણે ઈસ્લામીક બ્રાંચ,અલકાયદા સાથે એક સલામતીનો કરાર કર્યો હતો. જેનેધીમ્મા કહે છે.આ કરાર હેઠળ આવતા ચર્ચના સભ્યોએ તેમની જીંદગીની કિમંત ચુકવવી પડશે,તેવું એક ઈઝરાયેલી ન્યુઝ પેપર,હારેત્ઝે જણાવ્યું હતું.આ સલામતી કરાર ધીમ્મામાં અમીર ખ્રિસ્તીઓએ ૫૦૦ ડોલર વર્ષમાં બે વાર એક વ્યક્તિ દીઠ ચુકવવાના છે.અથવા તો ચાર સોનાના દિનાર ચુકવવાના છે.મધ્યમ વર્ગ અને ગરીબ ખ્રિસ્તીઓએ આનાથી અડધા અને ત્રીજા ભાગે આ દંડ ભરવાનો રહેશે.પરંતુ તેઓએ તેમની આર્થિક સ્થિતિ બાબતે સત્ય માહિતી આપવી પડશે.

ખ્રિસ્તીઓ તેમના તોડી પડાયેલ ચર્ચો ફરીથી બાંધી શકશે નહીં.જેની ઉપર ભુતકાળના હુમલાઓ કરવામાં આવ્યા હતા.તેમજ નવા ભક્તિ સ્થળોનું બાંધકામ પણ કરી શકશે નહીં. તેઓ કોઈપણ પ્રકારના હથિયારો લઈને જઈ શકશે નહીં.આ કાયદાનો મતલબ એવો થાય છે કે ખ્રિસ્તીઓએ આ ઈસ્લામીક કટ્ટરવાદીઓના કાયદાઓ પ્રમાણે વર્તવું પડશે.તેઓ ઈસ્લામીક કટ્ટરવાદીઓના શત્રુઓને મદદ પણ કરી શકશે નહીં.ખ્રિસ્તીઓએ પોતાના ધર્મ બાંધવોને કોઈ પણ જાતના વિરોધ વગર મુસ્લીમ બનતા રોકશે નહીં. જે ખ્રિસ્તી આ કરારમાં મુકેલ શરતોનો ભંગ કરશે તેની જીંદગી અને મિલક્ત પરથી તે હક્ક ગુમાવશે.એટલે કે તેને મારી નંખાશે અને તેની મિલ્કત લુંટી લેવાશે.સીરીયામાં ૨૦૧૧ થી આંતરિક વિગ્રહ ચાલી રહ્યો છે.કેટલાક કટ્ટરવાદી સંગઠનો સત્તા મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.બસર અલ અસદની સરકારને ઉથલાવીને તેઓ સત્તા મેળવવા માટે પ્રયત્ન કરી રહ્યા છે.આ ચાલી રહેલ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૧ લાખથી વધુ લોકોના મોત નિપજ્યા છે.અને ૨ લાખથી વધુ લોકો નાસી છુટીને રેફયુજી તરીકે આશરો લઈ રહ્યા છે.આ દેશમાં ખ્રિસ્તીઓની વસ્તી લઘુમતીમાં છે. કુલ ૨૩ મીલીયન વસ્તીના તેઓ ૧૦ ટકા વસ્તી ધરાવે છે.ચાલી રહેલ આંતરિક વિગ્રહમાં ખ્રિસ્તી લઘુમતીઓ વધુ નિશાન બન્યા છે.તેમને સરકાર તરફથી ખુબજ ઓછુ રક્ષણ મળ્યું છે.૨૦૧૩માં

અનુ. પાન નં. ૪ ઉપર

## સુદાનમાં ચાલી રહેલા આંતરિક વિગ્રહમાં હજારો લોકો વિસ્થાપિત બન્યા છે

શાંતિ માટેના અથાગ પ્રયત્નો બાદ પણ હિંસાનો દોર ચાલુ રહ્યો છે.અને આખા સુદાનમાં તે પ્રસરી ચુક્યો છે.યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નર ફોર રેફયુજીના જણાવ્યા પ્રમાણે પ્રત્યેક દિવસે ૨૫૦૦ જેટલા લોકો સુદાન છોડીને અનત્ર નાસી છુટવાનો પ્રયત્ન કરે છે કારણકે ચાલી રહેલ હિંસામાંથી તેઓ પોતાની જાત તથા પોતાના કુટંબને બચાવી લેવા માંગે છે.પરંતુ તેનાથી કંઈ તેમનો બચાવ થઈ જતો નથી.ગત સપ્તાહમાં ઈન્ટરનેશનલ ક્રાઈસીસ ગ્રુપે જારી કરેલ રીપોર્ટ મુજબ આંતરિક વિગ્રહમાં માર્યા ગયેલ લોકોની સંખ્યા દસ હજારની હતી.યુએન તરફથી ડીસેમ્બરમાં જાહેર કરાયેલ આંકડો માત્ર એક હજારનો જ હતો.સાઉથ સુદાનમાં અસલામતીનો પ્રશ્ન ઉભો થાય તેની સામે સવાલ છે તે એ છે કે ત્યાં ટ્રુપ આ ઘર્ષણ નાબુદ કરવા તહેનાત કરાયુ હોવા છતાં માર્યા ગયેલાઓની સંખ્યા ખુબજ વધુ છે.

વેન ડીજોંગ,ડીરેકટર, ઈન્ટરનેશનલ ડીઝાસ્ટરે આ બાબતને સપોર્ટ કર્યો હતો.આ બાબતનું કાર્યાલય ઈ,સેન્ટ્રલ ઈક્વેટોરીયા ખાતે ઉભુ કરાયેલ છે.તેમજ અમો



એવી સારી સ્થિતિમાં છીએ કે જેઓને મદદ કરવાની જરુર છે તેમને મદદ કરી શકીયે તેમ છે.જુબા તેમજ અન્ય વિસ્તારોમાંથી રેફયુજી તરીકે આવેલ લોકોને મદદ આપીએ છીએ.પરંતુ અમો મદદ માટે ખોરાક સિવાય અન્ય વસ્તુઓની ખેંચ અનુભવીએ છીએ. એ માટે ખોરાક બનાવવા માટેના વાસણો,હાઈજીન કીટ, અને બીજી કેટલીક જરુરીયાતો છે જેમની અમોને જરુર છે.વીસ હજારથી વધુ વ્યક્તિઓ સાઉથ સુદાનમાંથી આવેલ છે.જેથી અહીયા કુલ સાઈઠ હજાર જેટલા વિસ્થાપિતોની સંખ્યા છે.જેઓ યુનાઈટેડ નેશન્સ કંમ્પાઉન્ડમાં આશરો લઈ રહ્યા છે.૩૨ હજાર જેટલા લોકો પાડોશી રાજ્યોમાં રેફયુજી તરીકે શરણ લઈ રહ્યા છે.જે પૈકીના ૭૦ ટકા લોકો યુગાન્ડામાં છે.તેમજ કેન્યા અને ઈથોપીયામાં પણ સુદાનના લોકો શરણાર્થીઓ તરીકે આશરો લઈ રહ્યા છે.અને હજુ અનેક લોકો શરણાર્થીઓ તરીકે આશરો લેવા માટે ધસી રહ્યા છે.

હિંસાનું વાતાવરણ ચાલુ રહે અને અટકે નહી તો વિસ્થાપિતોની સંખ્યા રોજબરોજ વધતી રહેશે. હિંસક વાતાવરણને કારણે લોકોમાં અસલામતીનો ભય વ્યાપક પ્રમાણમાં ઉભો થયેલ છે.તેથી સહુ પ્રથમ શાંતિનું વાતાવરણ ઉભું થાય તે માટે કાર્ય કરવાની જરુર છે.આ મિનિસ્ટ્રી ઈ રીવર કાઉન્ટીમાં છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત છે.તેઓ બે રેડીયો સ્ટેશન પણ ચલાવે છે.વર્લ્ડ રીન્યુ હોપનો ગ્રામીણ વિસ્તારોમાં વસતા લોકોને ખેતીવાડીમાં જોતરવાની ઈચ્છા છે.જેથી ખેતીવાડીની ઉપજ વધી શકે અને તેઓની અન્નની જરુરીયાતોને પહોચી વળાય.વધુ અનાજ ઉત્પાદનને પાડોશી રાજ્યોમાં નિકાસ કરી શકાય તેમજ સ્થાનિક સ્તરે તેને વેચી શકાય જે આ ગ્રામીણ વિસ્તારના લોકોના ઉત્કર્ષ માટેં ખુબજ જરુરી છે.આ બાબતે જરુરી નેટવર્ક ઊભુ કરી દેવાયુ છે.અને તેઓનો રીસ્પોન્સ હકારાત્મક છે.અમો અમારી પ્રપોઝલ કેનેડીયન બેંક સમક્ષ મુકવાના છીએ.આ પ્રપોઝલને કારણે નોર્થન યુગાન્ડા અને ગુલુ એરીયા ખાતે રેફયુજીઓ માટે ફુડ ની વ્યવસ્થાને પહોચી વળાય.અમારા આ કાર્યમાં ભાગીદાર તરીકે ચર્ચ ઓફ યુગાન્ડા,ડાયોસીસ ઓફ નોર્થન યુગાન્ડા છે.એક ખ્રિસ્તી એનજીઓ તરીકે અમારા માટે ખાસ તકો છે તેમજ ઈસુના નામમાં અમોને મદદ માટે સારા સાથીદારો પ્રાપ્ત થયા છે.અમારા માટે છેલ્લી આશા એ છે કે એકતા અને શાંતિ સ્થપાય અને ખાસ કરીને પીસ એગ્રીમેન્ટની નવમી વર્ષગાંઠ નિમિત્તે તેનો અમલ થાય.સાઉથ સુદાન, સુદાનમાંથી અલગ થયુ અને સ્વતંત્ર બન્યું.

સુદાન ના આંતરિક વિગ્રહમાં અનેક લોકો મોતને વર્યા છે અને વિસ્થાપિતો બન્યા છે.પાડોશી રાજ્યોની સરહદો પર શરણાર્થી તરીકે તેઓ તેમના દેશમાં શાંતિ સ્થપાય તેની રાહ જોઈ રહ્યા છે.ખ્રિસ્તી એનજીઓ તેમને મદદ પહોચાડી રહી છે તે માત્ર તેમના જીવવા માટેનું કારણ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

દિલ્હી વિધાનસભાના પરિણામો ચોકાવનારા હતા.કોગ્રેસ અને બીજેપી બેઉને તેમજ આમ આદમી પાર્ટીએ જે રાતોરાત રાજકીય ગણિતમાં ફેરફાર કરી નાંખ્યો તેનાથી સહુકોઈ આશ્ચર્ય ચકિત હતા.રાજકીય ખેલ ચાલુ થયો અને આમ આદમી પાર્ટીએ સત્તાના સુત્રો સંભાળ્યા.અરવિંદ કેજરીવાલને એટલી બધી પ્રસિધ્ધિ મળી કે તેઓનો પક્ષ દેશભરમાં એક રાજકીય હસ્તી તરીકે ખ્યાતિ પામી ગયો.શરુઆતના તેમના નિર્ણયો સહુને ગમ્યા,પરંતુ તે બાદ તેમની રાજકીય પુખ્તતા નહી હોવાને કારણે અનેક કારણો ઉભા થયા. લોકોમાં એક ચેતના ઉભી થઈ હતી. એક આશાનું કિરણ જાગ્યુ હતું તે ખલાસ થવા લાગ્યું. અને હવે તેમણે ચારે કોર તેમનો જયજયકાર થાય માટે જે ઝુંબેશ ચલાવી છે તેમાં લોકોને હવે રસ ઓછો થવા માંડયો લાગે છે.જેમ અન્ય રાજકીય પાર્ટીઓ ગુંડાગર્દી કરીને સત્તા મેળવી લેવા પ્રયત્નો કરી રહી છે તે પ્રમાણે તેમનું પણ પોત પ્રકાશવા લાગ્યું.તેઓ વિકલ્પ બની શકશે તે હવે લાગતું નથી.

---

અનુ.પાન નં. ૩ નું ચાલુ

રાજ્યમાં નરેન્દ્ર મોદીની મુલાકાતને આવકારી છે. બિશપ્સ સેવીરીઓસે આ બાબતે કરેલ ટીપણણી બાબતે જણાવ્યું હતું કે આ બિશપ્સ દ્વારા જે બાબત કહેવામાં આવી છે તે ચર્ચની જનરલ પોઝીશનનું બયાન કરતી નથી. તે તેમનું અંગત મંતવ્ય છે.આ ધાર્મિક નેતાઓને નોર્થમાં અનેક રાજકીય નેતાઓ સાથે સારા સબંધો છે. જેમાં મોદીનો પણ સમાવેશ થાય છે.જ્યારે તેઓ ડાયોસીસના મુખ્ય હતા ત્યારે તેમના રાજ્યમાં તેમનો પરિચય વધ્યો હતો.જેથી કેરાલાની મુલાકાતે શ્રી મોદી આવે ત્યારે આ બિશપો તેમના જુના પરિચયોને આધારે તેમને મળવા જઈ શકે છે.તે તો સામાન્ય બાબત છે.ચર્ચે ગુજરાતમાં શ્રી મોદી દ્વારા વિકાસ કરવામાં આવ્યો છે તેને વખાણ્યો છે.કોઈપણના સત્તાકાળમાં ખામીઓ,અને ભુલો થાય છે તેમ સારી બાબતો પણ બને છે.તેમણે એલડીએફ,અને યુડીએફ કેરાલાના બે મુખ્ય પક્ષો છે.અને ચર્ચની કેટલીક મુશ્કેલ પરિસ્થિતિમાં બેઉએ સાથ અને સહકાર વખતોવખત પુરો પાડ્યો છે.તેથી ચર્ચે બેઉને જાહેરમાં બિરદાવ્યા છે.જેકોબાઈટ્સ સાથે ચર્ચની મિલ્કતો બાબતે કોઈ ખટરાગ નથી.એ તો સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ જજમેન્ટને આધારિત છે.તેથી સત્તાવાળાઓએ હવે કોર્ટના ચુકાદા પ્રમાણે વર્તવાનુ છે. અને પ્રોપર્ટી જેને આપવાની છે તેને સુપ્રત કરવાની છે.આ વર્ષની પ્રથમ સિનોડ ભરાઈ હતી.બીજી ઓગષ્ટમાં મળશે



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

***યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ***

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## પ્રગતિ કરવા માટે બાંધછોડ કરવી પડે,જેને સમાધાન કહેવાય

જીવનમાં સમાધાન કરીને જીવવુ પડે છે.જેને સમાધાન કરતાં આવડતુ નથી તે ફેંકાઈ જાય છે.એમાં આપણી જે માન્યતા હોય,તે બીજાઓને અનુકુળ ન પણ આવે, તેથી તે સ્વીકારી શકે નહી.એવુજ આપણા પક્ષે પણ થાય. તો સામસામે સમાધાન કરી લેવુ પડે, જો એમ ન થાય તો તે લાંબુ ટકે નહી.આ સામાન્ય બાબત છે.જેને સમાધાન કરતાં આવડે તે જીતે.સમાધાનથી શાંતિ આવે છે.જ્યારે આપણાં દેશમાં રજવાડાં હતાં ત્યારે સંધિની પ્રક્રિયા સતત ચાલ્યા કરતી,એમાં વિશ્વાસઘાત,પ્રપંચવિદ્યા, ખોટાં કારસ્તાન,લડાઈ-ઝગડા કરાવવાની વ્યુહરચના,વળી પાછુ સુલેહ-શાંતિ કરાવવાની મથામણ આ બધીજ રાજકીય આંટીઘુટીઓ ચાલ્યા કરતી. એમાં એક રાજા બીજા રાજા સાથે સમાધાન કરે,સંધિ કરાર થતાં એમ આજે વિશ્વના દેશો એકબીજા સાથે કોઇ ને કોઈ પ્રકારની સંધિ કરે. એ માટે એક દેશ બીજા દેશમાં પોતાના એલચી રાખે છે.બીજા દેશો સાથે સલાહ સુચનો માટે કોઈ પ્રશ્નો ઉભા થાય તો એનુ સમાધાન કરાવવાના પ્રયત્નો કરાતા હોય છે.સંધિ થયા પછી બંને પક્ષ એની સમયમર્યાદામાં રહીને, એનુ પાલન કરવા માટે બંધાયેલો હોય છે. જો એમ ન કરે તો સંધિભંગ ગણાય છે.

સંધિ એટલે જોડાવુ તે, સંયોગ (૨)સાંધો, સાંધાની જગ્યા (૩)સુલેહ, તહ(૪)અણીનો વખત (૫)બે યુગ કે વિશિષ્ઠ સમયો વચ્ચેનો સમય (૬)બે વર્ણો સાથે આવવાથી થતો ફેરફાર કે જોડાણ(વ્યા)(૭)નાટકનો સાંધો કે વિભાગ (૮)ચોરે ભીંતમાં પાડેલુ બાકું વગેરે અર્થ થાય છે. આ અર્થોની દર્ષ્ટિએ જોઈએ તો સંધિ એના જુદા જુદા કાર્યો સાથે સંકળાયેલી બાબત છે.

આપણે સંધિકાળ એવુ કહીએ છીએ. એ કાળગણનાનો એક ભાગ ચે. એ યુગ વચ્ચેનો સમય,યુગનો બારમો ભાગ છે.એમાં એકનો અંત અને બીજાની શરુઆત થાય, તે સમય સંધિકાળ કહેવાય છે.એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં પ્રવેશવાનો સમય. આ સમયને સાચવવાનો હોય છે.એની પુજા અર્ચના કરવામાં આવે છે.આ વાત સમયની થઈ. એવી જ રીતે જીવનમાં પણ કેટલોક સંયોગ એવો ઉભો થાય કે જેથી તમારે સંધિ કરવી પડે.જે માણસ અણીનો સમય સાચવી જાણે છે એ જીવી જાણે છે.એનાથી આગળ વધીને કહી શકાય કે જે સમયની સાથે સંધિ કરી શકે છે, એ પ્રગતિ કરી શકે છે.ક્યારેક આપણને સંધિ ગમતી હોય કે ન ગમતી હોય,જો એ વિશાળ હિતમાં હોય તો કરવી જોઈએ.માત્ર આપણા સ્વાર્થ ખાતર જો એ ન કરાય તો એનાં પરિણામ બીજાઓને ભોગવવાં પડતાં હોય છે.આપણે કોઈ વસ્તુ તુટી જા. તો એને રેણ કરીએ છીએ, સાંધીએ છીએ. હ્રદયમાં તકલીફ થાય તો ઓપરેશન કરાવીને ધમનીઓને ગતિમાં લાવીએ છીએ.આપણને ખબર છે કે આ સાંધો લાંબો સમય ટકવાનો નથી, એને સાચવીને કાળજીપુર્વક રાખીએ છીએ. એવું જ સંધિનુ પણ છે.સંધિ થયા પછી એને નિષ્ઠાપુર્વક વળગી રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ મહાન કાર્યો કરવા માટે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઈએ. આપણે જો શત્રુતાની દાઝમાં જ રહીએ તો કાર્ય બગડી જાય છે.સમાજના કે માનવજાતના હિતમાં જો હોય તો સમાધાન કરવુ એ માણસની મહાનતા ગણાય છે. દેશના હિતમાં પણ ક્યારેક બાંધછોડ કરવી પડે તો કરાય. એમાં આપણો અહંમ ઓગાળવો પડે. આપણા અહંમથી જો રાષ્ટ્રને નુકશાન થતુ હોય તો આપણે દેશદ્રોહી જ કહેવાઈને ?સજ્જન માણસ તો એ છે કે જે બીજાના ભલાનો વિચાર કરે.જે રાજકારણી છે એ પેલા વાંદરાની વાર્તા જેવા હોય છે. બે બિલાડીની લડાઈમાં પોતાને મલાઈ મળે એની ફિરાકમાં રહેતા હોય છે.જો કોઈ પ્રશ્નની મડાગાંઠ પડી હોય તો એને ઉકેલવાના બદલે વધારે ગુંચવવામાં એમને અસુરી આનંદ આવતો હોય છે.પોલિસને કહે કે તુ પકડ અને ચોરને કહે કે તું નાસી જા.આવા લોકો સંધિને નામે પોતાનો રોટલો શેકતા હોય છે.જો સરળતાથી બે પક્ષો વચ્ચે સમાધાન થઈ જાય તો એવા લોકોનો ભાવ કોણ પુછે ?જુના સમયમાં રાજાઓ વચ્ચે સંધિ કરાવનારાઓ એવી જ ભુમિકા ભજવતા.બંને પક્ષો એમને પોતાના જ માનતા હોય છે.પણ એ સંધિ કરાવનાર ક્યારેય કોઈનો હોતો નથી. આજે આપણી જ્ઞાતિઓના સમાજોમાં પણ જોઈએ છીએ કે સમાજના આગેવાનો કોઈને લડાઈ-ટંટો હોય તો વચ્ચે પડીને સંધિ કરાવવાનો પ્રયત્ન કરતાં હોય છે.એમાં બંને પક્ષે સમાધાનના પ્રયાસો થાય છે.પણ એમાં વચેટીયા હોય તે પોતાનો જ વિચાર કરતાં હોય છે.

સંધિ કયાં સુધી ટકતી હોય છે.નેપોલીયને કહ્યુ છે 'સંધિઓનુ પાલન ત્યાં સુધી જ કરાય છે, જ્યાં સુધી એમના હિતોની યોગ્યતા સચવાય છે 'પોતાના હિતો સચવાઈ રહે ત્યાં સુધી સંધિ એમના માટે સારી ગણાય છે.જ્યારે એમનાં હિતો ટકરાય ત્યારે સંધિનો અંત આવે છે. ફરીથી એની એ જ લડાઈઓ, ઝગડાઓ,મારામારી અને કાપાકાપી શરુ થઈ જાય છે. ક્યારેક તો આ પ્રકારની સંધિઓ માત્ર કાગળ ઉપર જ રહેતી હોય છે.એમાંય જો સામેવાળો દુબળો હોય, ગરીબ હોય, તો એની સાથે સંધિ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. એ પોતાનો શત્રુ હોય તેથી શું થઈ ગયું ?આપણે કહીએ છીએ કે નબળો ઘણી બૈરી પર શુરો હોય છે. એના પણ લોકો સમાજમાં હોય છે, પણ પોતાનો પડોશી સામાન્ય કક્ષાનો હોય તો એને આપણે સતત દબાવ્યા જ કરીએ છીએ. એની પરિસ્થિતિનો ગેરલાભ લેતાં આપણે અચકાતાં નથી.સામાન્ય માણસ પોતાની નબળાઈઓના કારણે બોલતો ના હોય એની સાથે કોઈપણ વાતનુ સમાધાન શા કામનુ ? એવા લોકોનુ તો સતત શોષણ થતું આવે છે. એવો જ કોઈ દેશ હોય કે, આપણા સમાજનો કોઈ વર્ગ હોય. એને તો સતત કચડાતા જ રહેવું પડે છે.સંધિ કોની સાથે થાય ?જેની આપણને ભીતી હોય,જેનો ભય હોય,એની સાથે સંધિ કરવાની હોય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ )


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઈ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા.
પવનચક્કી રોડ,નડીયાદ.૨

# નોર્થ કોરીયામાં ધાર્મિક સાહિત્યની વહેંચણી કરતાં ઓસ્ટ્રેલીયન મીશનરીની ધરપકડ



૭૫ વર્ષીય ઓસ્ટ્રેલીયન મીશનરીની નોર્થ કોરીયામાં ધરપકડ કરવામાં આવી હતી.તેમની પર આરોપ મુકવામાં આવ્યો હતો કે તેઓ ધાર્મિક સાહિત્યનું વિતરણ કરી રહ્યા હતા.કરીન શોર્ટે એડીલેઇડ એડવાઇઝરને જણાવ્યા મુજબ જોન શોર્ટની પ્યોન્ગયંગની પબ્લીક સીક્યુરી બ્યુરોએ ધરપકડ કરી હતી.તેઓ નોર્થ કોરીયામાં એક ટુર ગ્રુપમાં ત્યા ગયા હતા તેના બીજા દિવસે તેમની ધાર્મિક સાહિત્યનું વિતરણ કરવાના આરોપસર ધરપકડ કરાઇ હોવાનું તેમની પત્નીએ જણાવ્યું હતું.ઓસ્ટ્રેલીયન ડીપાર્ડ. ઓફ ફોરેન એફેર્સ દ્વારા જણાવાયું હતું કે તેમને આ બાબતની ખબર છે.કરીન શોર્ટે હોગકોગ ખાતે આવેલા તેમના ઘેરથી આ બાબતે જણાવ્યું હતું કે તેઓ ૪૦ વર્ષથી એશીયામાં રહે છે.તેમજ અમો ખ્રિસ્તી છીએ.તેઓ ફ્રન્ટ લાઇનના વ્યક્તિ છે. પરંતુ નોર્થ કોરીયા એક જુદુ જ અલગ છે. શા માટે તેમના હૃદયે ત્યાં જવાનું વિચાર્યુ હશે.હું લોકોને તેમના માટે પ્રાર્થના કરવા વિનંતી કરુ છું.શોર્ટ ઓરીજનલી એડીલેઇડના વતની છે. તેમની ધરપકડ વખતે તેમને પુછવામાં આવ્યું હતું કે તેઓ જે ધાર્મિક સાહિત્યનું વિતરણ કરી રહ્યા છે તે કોરીયન ભાષામાં છપાયેલું છે.અને એ તમારી પાસેથી મળી આવેલ છે.તેથી તમારી ધરપકડ કરવામાં આવે છે.કેનબેરાનું નોર્થ કોરીયામાં કોઇ પ્રતિનિધિત્વ કરતું નથી.તેથી સ્વીડીશ એમ્બસી તેમના માટે ત્યાં કાર્ય કરી રહ્યું છે.ઓસ્ટ્રેલીયન સત્તાવાળાઓ સતત સ્વીડીશ એમ્બેસીના સંપર્કમાં છે અને તેઓ મી.શોર્ટ અંગને તમામ જાણકારી મેળવી રહ્યા છે.નોર્થ કોરીયાએ યુએસના નાગરિક કીનીથ બાઇને પણ જેલમાં પુરેલા છે.ટુર ઓપરેટરે નોર્થ કોરીયાની કોર્ટમાં જણાવ્યા પ્રમાણે આ લોકો ખ્રિસ્તી ઇવેન્જલીસ્ટો છે.અમેરિકન નાગરિકને નવેમ્બર ૨૦૧૨માં પકડવામાં આવ્યા હતા અને તેમને ૧૫ વર્ષ જેલની સજા કરવામાં આવેલ છે.

મી.શોર્ટની ધરપકડના એક દિવસ પહેલાં યુનાઇટેડ નેશન્સ દ્વારા નોર્થ કોરીયામાં ચાલી રહેલ ધાર્મિક સતાવણી બાબતનો કડક રીપોર્ટ બહાર પડ્યો,આ રીપોર્ટ બહાર પાડનાર કમિટિના હેડ તરીકે ઓસ્ટ્રેલીયન છે.તેમાં તેમણે નોર્થ કોરીયામાં માનવતા વિરુધ્ધના બની રહેલ ગુનાઓ બાબતે ખાસ રીમાર્ક કરી હતી.નોર્થ કોરીયામાં માસ મર્ડર,અને સખ્ત મજુરીની સજાઓ જેવી અમાનવીય બાબતો બની રહી છે.તેમાં એવું પણ જણાવાયુ છે કે નોર્થ કોરીયાના લીડરોની સામે ઇન્ટરનેશનલ કોર્ટમાં કાર્યવાહી હાથ ધરવી જોઇએ.નોર્થ કોરીયાએ આ કમિશનને સહકાર આપવાનું નકાર્યુ હતું.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીઆદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩


**શ્રી પિયુષભાઇ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


# ઇચ્છીત મૃત્યુનો કેસ સુપ્રીમની કોન્સ્ટીટયુશન બેંચને સોપાંયો



મેડીકલ સાયંસની દષ્ટિએ કોઇ દર્દીની બચવાની આશા નહીંવત હોય,પરંતુ તે મુર્છિત અવસ્થામાં જીવીત હોય,અને અનેક વર્ષો સુધી તેની સારવાર ચાલી હોવા છતાં તે ફરીથી સામાન્ય જીવનમાં જીંદગી જીવી શકવાની સ્થિતિમાં ન હોય, તે વ્યક્તિ માટે ઇચ્છીત મૃત્યુ આપવું કે નહી એ બાબતનો કેસ સુપ્રીમ કોર્ટ ભુતકાળમાં પણ આવ્યો હતો. મુંબઇની એક હોસ્પીટલમાં અરુણા શાનબાગ વર્ષોથી કોમાની અવસ્થામાં છે અને ફરીથી તેણી નોર્મલ અવસ્થામાં આવી શકે તેમ નથી તો તેને ઇચ્છીત મૃત્યુ આપી શકાય કે કેમ ? ના કેસમાં સુપ્રીમ કોર્ટની એપેક્ષ કોર્ટ,જે ચીફ જસ્ટીસ પી.સથાસીવમના વડપણ હેઠળ પોતાનું જજમેન્ટ આપી ચુકી છે. પરંતુ હવે તેને કોન્સ્ટીટયુશન બેંચ સમક્ષ મુકવામાં આવ્યું છે જેથી તેના ઓર્ડર પર વિચારાશે.

# ધ મલાન્કારા ઓર્થોડોક્સ સીરીયન ચર્ચના બીશપ્સ બીજેપીના વડાપ્રધાનપદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદીને મળશે




ધ મલાન્કારા ઓર્થોડોક્સ સીરીયન ચર્ચ,ના બે બિશપ્સ, આવનાર લોકસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લેશે.તેઓની આ મુલાકાત સૌજન્ય મુલાકાત રહેશે.મુલાકાતનો અર્થ તેમની રાજકીય રીતે આવનાર ચુંટણીઓમાં કોઇપણ પ્રકારનીતરફેણ કે મદદ કરવાનો નથી.

ઇપીસ્કોપલ સિનડ,કોટ્ટાયમ ખાતે સિનોડ સેક્ટરી મેથ્યુસ માર સેવેરીઓસ મેટ્રોપોલીટન,હેડ ઓફ કન્દાનંન્દ(વેસ્ટ)ડાયોસીસે જણાવ્યું હતું કે ચર્ચે હંમેશા પોતાના સભ્યોને મતદાન માટે મોકળુ મેદાન આપ્યું છે તેમાં તેમણે કોઇ હસ્તક્ષેપ કર્યો નથી. તેમજ કોઇ ખાસ વ્યક્તિ કે કોઇ ખાસ પક્ષની તરફેણ કરવાનું પણ કહ્યું નથી.ચર્ચના દરેક સભ્યને માન પુર્વક સ્વતંત્રત રીતે મતદાન કરવાની સ્વતંત્રતા બક્ષી છે.અમો તેમને એવું જણાવીએ છીએ કે જેઓ સત્યના પક્ષે ઉભા રહે,સમાજીક એકતા ના તોડે તેમજ બિનસાંપ્રદાયિકતામાં માનતા હોય તેમની તરફેણ કરે.અમો તો ખુશ છીએ કે કોઇપણ વ્યક્તિ લોકશાહી રીતે સત્તામાં આવે.તેમને પુછવામાં આવેલ એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે આ બાબત જણાવી હતી.તેમને પુછવામાં આવ્યું તું કે બીજેપી પ્રાઇમમીનીસ્ટર ઉમેદવાર નરેન્દ્ર મોદી બાબતે આપ શું ઇચ્છો છો.

બે ઓર્થોડોક્સ ચર્ચના બિશપ્સ

અનુ. પાન નં. ૨ ઉપર

# ધાર્મિક સ્વતંત્રતામાં ડખલ સબંધી ભારતના ખ્રિસ્તી અને મુસ્લીમોએ યુએન તરફથી આવેલ ખાસ ડેલીગેશનને ફરીયાદ કરી

ખ્રિસ્તી અને મુસ્લીમ સમુદાયના નેતાઓએ નવી દિલ્હી ખાતે યુએન ના ખાસ પ્રતિનિધિ,જેઓ ધાર્મિક સ્વાતંત્રતા અને ધાર્મિક માન્યતાઓ ભારતમાંથી એકત્રત કરી રહ્યા છે તેમને મળ્યા હતા.પ્રોફેસર હેનીનર બેઇલીફીલ્ટને વાયડબલ્યુસીએ,ની નેશનલ ઓફીસ દિલ્હી ખાતે ગત ગુરુવારે ખ્રિસ્તી અને મુસ્લીમ નેતાઓએ આ મુલાકાત લીધી હતી.આ મુલાકાતમાં તેઓએ ભારતમાં દલિત બેકગ્રાઉન્ડ ધરાવતા ખ્રિસ્તી અને મુસ્લીમ લોકોને ધાર્મિક સ્વાતંત્રતા પર જે પ્રકારનો વર્તાવ થાય છે તે અંગેનો ચિતાર આપ્યો હતો.આ યુએનના ખાસ દુતે આ ધાર્મિક નેતાઓને ખાત્રી આપી હતી કે યુએન હ્યુમન રાઇટ્સ મીકેનીઝમ આ બાબતે જ્યા જ્યાં યુએન ફોરમ છે ત્યાં આ મુદ્દો ઉપસ્થિત કરી તમને ન્યાય મળે તે દિશામાં કાર્ય કરશે.

દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમો ના પ્રતિનિધિઓ સરકારમાં રજુઆત કરી રહ્યા છે કે ૧૯૫૦નો પ્રેસિડેન્સીયલ(એસસી) ઓર્ડરને ભુંસી કાઢવામાં આવે જે દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોને તેમના સરખા હક્કો આપવામાં અડચણ ઉભી કરે છે.ખરેખર દલિતોમાંથી ધર્મ પરિવર્તન કરીને જેઓ ખ્રિસ્તી કે મુસ્લીમ બન્યા છે તેમનો આ હક્કો આપવા જોઇએ.હિંદુ,શીખ અને બુધ્ધિષ્ટ બોકગ્રાઉન્ડ ધરાવતા દલિતોને સરકારની તમામ યોજનાઓનો લાભ મળે છે.

કેથોલીક બિશપ્સ ફોન્ફરન્સ ઓફ ઈન્ડીયા અને નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ઈન ઈન્ડીયા,હ્યુમન રાઇટ્સ એકટીવીસ્ટો, વકીલો, એકેડેમીશ્યન, અને દલિતોના સપોર્ટરોના નેતાઓ પ્રો.બેઈલીફીલ્ટને મળ્યા હતા.તેઓ ભારતમાં સીવીલ સોસા. ઓરગેનાઇઝેશન,ઈન્ડીયન સોસીયલ ઈન્સ્ટીટ્યુટ,અને જવાહરલાલ નહેરુ યુની.ના આમંત્રણનો સ્વીકાર કરીને ભારતમાં દિલ્હી ખાતે આવ્યા હતા.

ખાસ મીટીંગ આ ખાસ વ્યક્તિ સાથેનું આયોજન એનસીસીઆઈ તરફથી કરવામાં આવ્યું હતું.જેમાં દલિત ખ્રિસ્તી ઓ અને દલિત મુસ્લીમોના ધાર્મિક સ્વાતંત્રતા ઉપર ચર્ચા કરવામાં આવી . જેમાં મીટીંગનું પ્રમુખ સ્થાન સેમ્યુલ જયકર, એકઝીક્યુટીવ સેક્રટરી, કમિશન ઓન પોલીસી,ગર્વન્નન્સ એન્ડ પબ્લીક વિટનેશ ઓફ ધ એનસીસીઆઈ એ લીધું હતું.ડો.રમેશ નાથાન,નેશનલ કેમ્પેન ઓન દલિત હ્યુમન રાઇટસે ૧૨૦ અસ્પૃશ્યતાને લગતા મુદ્દાઓ ભારતમાં ચાલી રહ્યા છે તે બાબતે પ્રકાશ પાડ્યો હતો.અછુતતાનો ત્રાસ દલિત મુસ્લીમો અને ખ્રિસ્તીઓ ભોગવી રહ્યા છે તેનો ચિતાર આપ્યો હતો.ફાધર દેવસાગયરાજ, કેથોલીક બિશપ્શ ફોન્ફ.ઓફ ઈન્ડીયા એ દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોને શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે વેઠવી પડતી મુશ્કેલીઓનો ચિતાર આપ્યો હતો.

યંગ વુમન ક્રિશ્ચિયન એસોસીએશન ના જનરલ સેક્રટરી મીસ લીયલા પસાહે જણાવ્યુ હતું કે આ લોકોની સાથે અમાનવીય વ્યવહાર કરવામાં આવે છે.ભારતીય પોલીસ પણ તેમની સાથે અસ્પૃશ્ય જેવો વહેવાર આદરે છે.૧૧ ડિસેમ્બર ૨૦૧૩માં દિલ્હી ખાતે યોજવામાં આવેલ શાંતિ યાત્રામાં પણ પોલીસે આ દલિત મહિલાઓ સાથે અમાનવીય વ્યવહાર આચર્યો હતો.તેઓની ઉપર લાઠી ચાર્જ કરવામાં આવ્યો હતો.ખુબજ ઠંડી હતી ત્યારે પાણીનો મારો ચલાવ્યો હતો.ત્યારબાદ તેમની ધરપકડ કરી



હતી.આ કાર્યક્રમમાં મુસ્લીમો અને ખ્રિસ્તી દલિતો સાથે હતા.રંગનાથન મિશ્ના કમિશન જેને સરકારે નિમ્યુ હતું તેણે પણ તેનો રીપોર્ટ જે રજુ કર્યો તેમાં દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોને અનામતનો અધિકાર આપવા બાબતે જણાવ્યું છે.

અનું. પાન નં. ૧ નું ચાલુ

અલકાયદાની સાથે જોડાયેલ અલ-નુસરા ગ્રુપે આ શહેરનો કબજો લઇને શરીયા કાયદાને અમલમાં મુક્યો હતો.પરંતુ ત્યારબાદ બીજા ગ્રુપે આ શહેર લોહીયાળ જંગ ખેલીને કબજો મેળવ્યો હતો. આઇએસઆઇએસ ગ્રુપે રેક્કા પર કબજો જમાવ્યાની સાથે પ્રેસિડેન્ટ બસર-અલ-અસાદના ટેકેદારોને વીણી વીણીને પતાવી દીધા હતા.તેમણે આર્મેનીયન કેથોલીક ચર્ચ ,માર્ટયર્સ ઉપર પણ પોતાનો કબજો જમાવી દીધો હતો,અને તેમાં તેમનું હેડક્વાટર્સ બનાવી દીધું હતું.તેમણે આ શહેરનો કબજો લીધા પહેલા આ શહેરની કુલ વસ્તી બે લાખ વીસ હજાર જેટલી હતી જેમાં દસ ટકા લોકો ખ્રિસ્તીઓ હતા.પરિસ્થિતિ નાજુક હોવા છતાં કેટલાક આ શહેરના ખ્રિસ્તીઓએ અસદના વિરોધીઓ સાથે હાથ મિલાવ્યા હતા.તેમના જીવન અસલામત હતા,તેમની સંસ્થાઓ પર હુમલાઓ થયા હતા.તેથી તેમની પાસે કોઈ વિકલ્પ બચ્યા નહોતા. જો કે મોટા ભાગના ખ્રિસ્તીઓ આ દરમિયાન આ શહેર છોડી નાસી છુટ્યા હતા.યુસુફ,એક સીરીયન સામાજીક કાર્યકરે અલ અખબારને આ બાબત જણાવી હતી.તેમણે એ પણ કહ્યું હતું કે આ વિસ્તારના મુસ્લીમોને રંજ હતો કે તેઓ તેમના વિસ્તારના ખ્રિસ્તીઓની મદદ કરી શક્યા નહોતા.આ એક ગંભીર પરિસ્થિતિ હતી.અમો અમારા ભાઇઓનું રક્ષણ કરી શક્યા નહોતા કે તેમને મદદ કરી શક્યા નહોતા, કે જેઓ વર્ષોથી અમારી સાથે રહેતા હતા.અમો ખુબજ આધાત અનુભવી રહ્યા છીએ,અમે લાચાર છીએ તેમન શરમિદા પણ છીએ.ખ્રિસ્તીઓ અમારા ભવ્ય ઈતિહાસના વર્ષોથી ભાગીદારો છે.તેઓ અમારી મધ્યે રહ્યા અને અમે તેઓના માટે કંઇ પણ કરી શક્યા નહી.માત્ર અમો તેમના માટે રડી શક્યા.અમો માત્ર તેઓની મિલ્કતોને સળગી જતી જોઇ તેના ધુમાડાઓના ગોટાઓ આકાશમાં ચડતા જોયા.

આ બીબીસીએ ૨૦૧૩માં મુકેલી સ્ટોરી છે.તેમાં જણાવાયુ છે કે વિશ્વમાં રેક્કા એક માત્ર એવું શહેર છે જેમા અલ કાયદાનો કબજો અને હકુમત ચાલે છે.

બુટમાં વપરાતા ચામડામાં ૯૦ ટકા ચામડું ગાયનું હોય છે.

૧૯૨૭માં આવેલી સાઈલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીસના પોસ્ટરની ૨૦૦૫ની સાલમાં કરવામાં આવેલી હરાજીમાં ૬૯ કરોડ ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર તૈયાર કરવામાં આવ્યા હતા.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.